ભારત સરકારશ્રીની ૧૦૦% કેન્દ્રીય સહાયથી લઘુમતીઓના વિદ્યાર્થીઓની મેરીટ કમ મીન્સ, પોસ્ટ મેટ્રીક અને પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓની કામગીરી માટે આઉટ સોર્સીંગથી રાખેલ મેનપાવરની મુદ્દત લંબાવવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2022/0091/A Section
સચિવાલય, ગાંધીનગર.

<u>વંચાણે લીધા</u>:

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૧૨/૦૭/૨૦૨૩ નો સમાનાંકી ઠરાવ.

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૦૪/૧૧/૨૦૨૩ નો સમાનાંકી સુધારા ઠરાવ.

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા:૨૯/૦૧/૨૦૨૪ નો પત્રાંક: વિજાક/શિક્ષણ/લ.સેલ/૨૦૨૩-૨૪/૪૦૬

<u>પ્રસ્તાવના</u>:

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૧) ના ઠરાવથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતેલઘુમતીઓના વિદ્યાર્થીઓની ભારત સરકારની ૧૦૦% કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓ જેવી કે મેરીટ કમ મીન્સ, પોસ્ટ મેટ્રીક અને પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ અંગેની કામગીરી માટે આઉટસોર્સીંગથી રાખેલ મેનપાવર-કોમ્પ્યુટર પ્રોગ્રામરની ૦૩ અને આસિસટન્ટ કોમ્પ્યુટર પ્રોગ્રામરની ૦૧ તથા કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી ઓપરેટરની ૦૧ જગ્યાની મુદ્દત તા:૦૧/૦૩/૨૦૨૩ થી વધુ ૧૧ માસ માટે લંબાવવા મંજૂરી આપવામાં આવેલ. આ વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૨) ના સુધારા ઠરાવથી કોમ્પ્યુટર પ્રોગ્રામરની ૦૩ અને આસિસટન્ટ કોમ્પ્યુટર પ્રોગ્રામરની ૦૧ એમ કુલ ૦૪ જગ્યાઓની સેવાઓ GIL (ગુજરાત ઇન્ફો. લિ.)ના દરો મુજબ લેવાની શરત દૂર કરવામાં આવેલ છે તથા કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી ઓપરેટરની ૦૧ જગ્યાની સેવા માટે લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અને તેને આનુષંગિક બહાર પાડવામાં આવેલ અદ્યતન સૂચનાઓ મુજબ મહેનતાણું ચૂકવવાનું નિયત કરવામાં આવેલ છે. ઉક્ત ૦૫ જગ્યાઓની મુદ્દત તા:૩૧/૦૧/૨૦૨૪ ના રોજ પૂર્ણ થનાર હોઇ, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમ (૩) ના પત્રથી ઉક્ત આઉટસોર્સની સેવાઓ પુન: ૧૧ માસ માટે લેવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતેલઘુમતીઓના વિદ્યાર્થીઓની ભારત સરકારની ૧૦૦% કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓ જેવી કે મેરીટ કમ મીન્સ, પોસ્ટ મેટ્રીક અને પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ અંગેની કામગીરી માટે આઉટસોર્સીંગથી રાખેલ મેનપાવર-કોમ્પ્યુટર પ્રોગ્રામરની ૦૩ અને આસિસટન્ટ કોમ્પ્યુટર પ્રોગ્રામરની ૦૧ તથા કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી ઓપરેટરની ૦૧ જગ્યાની સેવાઓ નીચે મુજબના દરો અને શરતો અનુસાર તા:૦૧/૦૨/૨૦૨૪ થી વધુ ૧૧ માસ માટે આઉટસોર્સથી મેળવવા આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનુ નામ | સખ્યા | માસિક પગાર (અન્ય ચાર્જીસ સિવાય) |
|---|---|---|---|
| ૧ | કમ્પ્યુટર પ્રોગ્રામર | ૦૩ | રૂ. ૨૫,૦૭૨/- |
| ૨ | આસિસટન્ટ કોમ્યુટર પ્રોગ્રામર | ૦૧ | રૂ. ૧૮,૪૩૪/- |
| ૩ | કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી ઓપરેટર | ૦૧ | રૂ. ૧૫,૦૦૦/-<br>અથવા<br>શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના પ્રવર્તમાન લઘુત્તમ વેતન – આ બંને માંથી જે વધુ હોય તે મુજબ |

<u>શરતો</u>:-

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સંબંધિત નાણાંકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને આધીન આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી

કરવાનુ રહેશે.

૪. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષને આખરે સરન્ડર કરવાની રહેશે.

૫. આ મંજૂરી અંગે કરવાનાં થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતનો અમલ કરવાનો રહેશે.

૬. આ જગ્યાની સેવાઓ વધુ ૧૧ માસ માટે લંબાવવાની જરૂર જણાય તો નાણાં વિભાગની મંજૂરી મેળવી લેવાની રહેશે. તે સિવાય જગ્યાઓ ચાલું રાખી શકાશે નહી. આ જગ્યાઓની મુદ્દત પુરી થવાના ત્રણ માસ પહેલા જગ્યાઓ ચાલુ રાખવાની દરખાસ્ત રજૂ કરવાની રહેશે.

૭. ઉક્ત જગ્યા પર ફરજ બજાવતા મેનપાવરની વિગતો તથા તેમના દ્વારા કરવામાં આવેલ કામગીરીનો ત્રિ-માસિક અહેવાલ વિભાગને રજૂ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા:૩૦/૦૪/૨૦૨૪ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હરિત આર. દોશી
સેક્શન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>પ્રતિ,</u>

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં.૪/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સેક્શન અધિકારીશ્રી (ઝ-૧), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી (બજેટ), સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી (કમ્પ્યુટર સેલ), સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર/- આ ઠરાવ વિભાગને વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવા સારુ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર (નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ મારફત)
- શાખા સિલેક્ટ ફાઇલ- ૨૦૨૪
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.